# સે-૨માં શાળા બાંધવા ત્રણ વર્ષથી બજેટમાં જોગવાઈ : જગ્યા ફળવાતી નથી!

## એકથી બીજા વિભાગમાં ફાઈલ ફરે છે : ૧૫ વર્ષથી મામલો ટલ્લે ચઢયો છે : પ્રશ્નનો નિવેડો આવતો નથી

ગાંધીનગર, તા.૧૧

સે-૨માં સરકારી માધ્યમિક શાળા બનાવવા છેલ્લા ત્રણ વર્ષથી અંદાજપત્રમાં જોગવાઈ કરવામાં આવે છે. આમ છતાં માર્ગ મકાન વિભાગ દ્વારા જમીન ન ફળવાતા શાળાના બાંધકામનું કામ ટલ્લે ચઢયું છે. વર્ષ ૨૦૧૨-૧૩ દરમિયાન પણ અંદાજપત્રમાં રૂ. ૧૮.૨૦ લાખની જોગવાઈ કરવામાં આવી નથી. માધ્યમિક શાળા બાંધવાના મામલે સરકારના જુદા જુદા વિભાગોમાં ફાઈલ ધક્કે ચઢે છે. આમ છતાં છેલ્લા ૧૫ વર્ષથી અટવાયેલા આ પ્રશ્નનો નિકાલ થતો નથી!

નવ વિકસિત વિસ્તારના સેકટરોનો વિકાસ થયા બાદ કોબા અને સરગાસણ વિસ્તારમાં પણ નવી સોસાયટીઓ અસ્તિત્વમાં આવી છે. બીજી તરફ સે-૭ માધ્યમિક શાળાને પણ પોતાનું સ્વતંત્ર મકાન નથી. સે-૭ અને ૮ની પ્રાથમિક શાળા પણ સરકારી કવાટર્સમાં ચાલે છે. વિદ્યાર્થીઓએ શિક્ષણ મેળવવા ત્રણ જગ્યાએ લાંબા થવું પડે છે. છેલ્લા ચાર વર્ષથી સે-૭ માધ્યમિક શાળામાં પ્રવેશ મેળવવાની પ્રક્રીયા પણ સમસ્યારૂપ બની છે. આવા સંજોગોમાં સે-૨માં સરકારી માધ્યમિક શાળા બાંધવાનું આયોજન આખરી થઈ ગયા બાદ પણ જગ્યા ફાળવણીના અભાવે પ્રશ્નનો નિકાલ આવતો નથી. શાળાનું મકાન બાંધવાના નકશાઓ પણ તૈયાર કરી દેવાયા છે. સરકારના અંદાજપત્રમાં વર્ષ ૨૦૧૦-૧૧માં ૩૬.૭૦ લાખ વર્ષ ૨૦૧૧-૧૨માં ૨૮.૫૭ લાખ, અને વર્ષ ૨૦૧૨-૧૩માં રૂ. ૧૮.૨૦ લાખની જોગવાઈ કરવામાં આવી છે. આમ છતાં શાળાનું મકાન બાંધવા આખરી આયોજન થઈ શકતું નથી. સે-૨ વસાહત મંડળ દ્વારા પણ આ અંગે અનેકવાર રજૂઆત કરવામાં આવી છે.

આ મામલે મંડળના પ્રમુખ રાજેન્દ્ર પારેખ દ્વારા આર.ટી.આઈ. અન્વયે મુખ્ય સ્થપતિ અને નગર નિયોજકની કચેરી પાસેથી માહિતી પણ મેળવવામાં આવી છે. જેમાં સે-૨-ડીના ભાગમાં શાળા બનાવવા આયોજન કરાયું હોવાનું પણ જણાવાયું છે. આ મામલે તાલુકા ફરિયાદ નિવારણ કાર્યક્રમ-જિલ્લા કલેકટર તેમજ શિક્ષણ વિભાગ સમક્ષ પણ રજુઆત કરવામાં આવી છે. આમ છતાં છેલ્લા ૧૫ વર્ષથી શાળા બાંધવાનું કામ શરુ થઈ શકયું નથી. આ મામલે જમીન ફાળવી ટૂંકમાં કાર્યવાહી હાથ ધરવા સ્થાનિક રહીશોએ માંગ કરી છે.

## એસ.એસ.સી.માં પ્રથમ વર્ગમાં પાસ થનાર દિકરીઓને ઘ-૨ સર્કલવાળા મહેન્દ્રકાકા 'મફત' સોડા પીવડાવશે

ગાંધીનગર, તા.૧૧

ન્યુ એસ.એસ.સી.નું રીઝલ્ટ ગુરુવારે જાહેર થનાર છે, ત્યારે ઘ-૨ સર્કલ ખાતે સોડાનું કાઉન્ટર ધરાવતાં મહેન્દ્રકાકાએ પ્રથમ વર્ગમાં પાસ થનાર દિકરીઓને કાઠીયાવાડી સ્વાદની સોડા 'મફત' પીવડાવવાનું નકકી કર્યું છે.

શ્રી મહાકાળી સોડાના નામથી ધંધો કરતાં આ નાના પણ મજાના વેપારી, તેમની દિકરી ગાંધીનગરમાં નોકરી કરતી હોવાથી વિરમગામથી ગાંધીનગરમાં સ્થાયી થયા છે. મહેન્દ્રકાકાના હુલામણા નામથી જાણીતા આ કાઉન્ટર ધારકે જણાવ્યા મુજબ ધો-૧૦માં જે દિકરીઓ ૯૦ ટકા કે તેથી વધુ માર્ક લાવશે તે તમામ દિકરીઓને નાત જાતના ભેદભાવ વગર મફત સોડા પીવડાવશે. પરિણામ આવ્યાના બે દિવસ સુધી ગાંધીનગરની તમામ દિકરીઓ તેમના ઘ-૨ સર્કલ ખાતે આવેલ કાઉન્ટર પર અસલ કાઠીયાવાડી સ્વાદની લીંબુ સોડા કે શરબત મફતમાં પીવા માટે આવી શકશે.

મહેન્દ્રકાકા કહે છે કે હું બહુ ભણ્યો નથી પરંતુ મેં મારી બંને દિકરીઓને ભણાવીને નોકરીએ લગાડી છે. આજે ઉચ્ચ વર્ગના લોકો પણ દિકરા-દિકરી વચ્ચે ભેદભાવ રાખે છે તે યોગ્ય નથી. આપણે જોઈએ છીએ કે, દરેક પરિવારમાં દિકરો અભ્યાસ કરતો હોય તો તેને સારા ટયુશન ઉપરાંત આર્થિક અનુકળતા મુજબ ટુ વ્હીલરની પણ સુવિધા મળે છે. જયારે દિકરીઓ ઘરકામમાં મદદ કરતી હોવા છતાં આપણે સૌ તેની ઉપેક્ષા કરીએ તેનાથી મહેન્દ્રકાકા બહુ નારાજ છે. દરેક દિકરીઓ અભ્યાસમાં ઉચ્ચ ટકાવારી લાવે છે. જો દિકરીઓને પણ દિકરા જેટલી સુવિધા મળે તો દિકરીઓને સાચા અર્થમાં પ્રોત્સાહન મળશે તેવું કાકા માને છે. બેટી બચાવો કે બેટી વધાવોના સૂત્રમાં માનતાં આ કાકાએ દિકરીઓ પ્રત્યેના વિશેષ લગાવને કારણે જ કોઈ પણ સ્વાર્થ કે હેતુ વગર આ જાહેરાત કરી છે.

ઉલ્લેખનીય છે કે તેમના સોડા કાઉન્ટર પર લીંબુ સોડા કે શરબત ગ્રાહક રાજાને ન ગમે કે સોડા પીવાની મોજ ન આવે તો કોઈ પણ કારણ વગર ગ્રાહકે આપેલ પૈસા પરત કરવાની શરતે સોડા વેચે છે. દરેક ગ્રાહકને ગરમીમાં ઠંડક અને તાજગીનો અહેસાસ કરાવતી સોડા પીધા બાદ સંતોષના ઓડકારની ગેરંટી છે. અત્યાર સુધીમાં કોઈ પણ ગ્રાહકે પૈસા પાછા માંગેલ નથી. ગાંધીનગરાઓએ કાકાની લીંબુ સોડાનો સ્વાદ એકવાર અચૂક માણવા જેવો છે.

# આર્મી કેમ્પ સામે લકઝરી બસ ડીવાઈડર કુદીને ખાડામાં પડી

## ઘવાયેલા ૧૦ વ્યક્તિઓમાં ફ્રાન્સના દંપતીનો પણ સમાવેશ : રાજસ્થાનથી આવી રહેલી લકઝરી મહાત્મા મંદિરે ડેરી ડેવલપમેન્ટ પરિષદ માટે લવાઈ રહી હતી

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર ખાતે સ્થિત મહાત્મા મંદિરમાં યોજાનાર ડેરી ડેવલપમેન્ટ પરિષદ માટે રાજસ્થાનથી ગઈકાલે રાત્રે આવી રહેલી લકઝરી બસ ચિલોડા ગાંધીનગર રોડ પર આર્મી કેમ્પ સામે અચાનક ડીવાઈડર સાથે ટકરાઈને ડીવાઈડર કુદી સામેના રોડને ક્રોસ કરીને ખાડામાં પડી ગઈ હતી.



આ અકસ્માતમાં સદ્ભાગ્યે કોઈ જાનહાની થવા પામી ન હતી. જો કે લકઝરી બસમાં સવાર ફ્રાન્સના એક દંપતી સહિત ૧૦ વ્યક્તિઓને નાની-મોટી ઈજાઓ થતાં તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સારવાર અર્થે લાવવામાં આવ્યા હતા. ચિલોડા પોલીસે આ બનાવ અંગે ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી છે.

મળતી માહિતી મુજબ ગઈકાલે રાજસ્થાનનાં બાસવાડા વિસ્તારથી લકઝરી બસ નં. આર.જે. ૨૭-પી-૫૯૩૨ ભરીને ગાંધીનગર ખાતે મહાત્મા મંદિર ખાતે યોજાનાર પરિષદમાં હાજરી આપવા પશુપાલકો આવી રહ્યા હતા. આ લકઝરી બસમાં ફ્રાન્સનું એક દંપતી પણ સવાર હતી.




(તસવીર : નિકેશ બારોટ, નટુભાઈ પટેલ - ચિલોડા)

ચિલોડાથી ગાંધીનગર તરફ આ લકઝરી આવી રહી હતી. તે દરમ્યાન આલમપુર ગામના પાટીયા પાસે આર્મી કેમ્પ સામે લકઝરી ચાલકે કોઈ કારણોસર સ્ટીયરીંગ પરનો કાબુ ગુમાવી દેતા લકઝરી ડીવાઈડર કુદીને રોડ ક્રોસ કરી ખાડામાં ઉતરી ગઈ હતી. આ અકસ્માતની જાણ થતા ૧૦૮ એમ્બ્યુલન્સની ટીમના પાયલોટ રોબર્ટ ક્રિશ્ચિયન અને ઈ.એમ.ટી. ભરતભાઈ રાજપુત સ્થળ પર પહોંચી ગયા હતા. સદ્ભાગ્યે આ અકસ્માતમાં કોઈ જાનહાની કે મોટી ઈજાઓ થવા પામી ન હતી. ફ્રાન્સના યુવાનને ફેક્ચર થયા ઉપરાંત ૧૦ જણાં ઘાયલ થયા હતા તેમને હોસ્પિટલ સારવાર માટે લઈ જવામાં આવ્યા હતા. લકઝરીના મોટી દુર્ઘટનાના સમાચારથી પોલીસતંત્ર સહીત વહીવટીતંત્ર પણ દોડતું થઈ ગયું હતું.

## મહાત્મા મંદિરમાં મોદીના સ્ટેચ્યુ પાસે ફોટો પડાવવા ભારે પડાપડી

ગાંધીનગર, તા.૧૧

ઓલ ઈન્ડિયા કોન્ફરન્સ ઓન લાઈવ સ્ટોક એન્ડ ડેરી ડેવલપમેન્ટ કાર્યક્રમમાં ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે યોજાઈ રહ્યો છે. જેમાં ગુજરાત સહિત ૧૮ રાજયોના ખેડુતો તેમજ હોલેન્ડ, કેન્યાના પ્રતિનિધિઓ ભાગ લઈ રહ્યા છે.

મહાત્મા મંદિર ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં પુંઠાનું નરેન્દ્ર મોદીનું પૂતળું મુકવામાં આવેલું છે. મોદીના પુતળાથી પ્રભાવિત થઈ વિવિધ રાજયમાંથી આવેલા ખેડુતો મોબાઈલ અને કેમેરામાં ફોટો પડાવવા પડાપડી કરતા નજરે પડયા હતા. મોદીમય બની ગયેલા ખેડૂતોની ફોટો પડાવવા માટે લાંબી લાઈન લાગી હતી. ભાજપના રાષ્ટ્રીય પ્રચાર સમિતિના અધ્યક્ષ બનતા મોદીની લોક ચાહના દેશમાં ચોતરફ વધવા માંડી છે ત્યારે ઉલ્લેખનીય છે કે મહાત્મા મંદિરમાં ગાંધીજીના સ્ટેચ્યુ આગળ ફોટો પડાવવા માટે કોઈ ભીડ નહોતી જયારે મોદીના સ્ટેચ્યુ આગળ લોકોની ભીડ જોતા એવું લાગતું હતું કે મહાત્મા મંદિરમાં ગાંધીજી ભૂલાઈ ગયા છે.

# 'ઘ' માર્ગ પરથી દબાણો દુર કરાયા

## અચાનક દબાણ વિભાગ ત્રાટકતાં લારી-ગલ્લાવાળાઓમાં નાસભાગ મચી

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર શહેરના 'ઘ' રોડ સ્થિત સર્કલો અને તેની આજુબાજુના વિસ્તારમાં લારી ગલ્લાનું દબાણ કરીને બેઠેલા વેપારીઓ પર આજે દબાણ શાખાની ટીમ ત્રાટકી હતી. તંત્ર દ્વારા દબાણકારો પર તવાઈ આવતા જ અન્ય લારી ગલ્લા ધારકોમાં નાસ ભાગ મચી ગઈ હતી. જયારે જપ્ત કરેલા લારી ગલ્લાઓના માલિકો સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ગાંધીનગર શહેરમાં મુખ્ય 'ઘ' અને 'ચ' માર્ગ પર ઠેક ઠેકાણે લારી ગલ્લા મૂકીને વેપારીઓએ દબાણ કર્યું છે. વર્ષોથી દબાણ કરીને અડીંગો જમાવીને બેઠેલા દબાણ કરનારા તત્વો સામે અનેકવાર તંત્ર દ્વારા કાર્યવાહી કરવામાં આવે છે અને તેમના લારી ગલ્લા પણ જપ્ત કરવામાં આવે છે અને વેપારીઓ પર કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે છે. છતાં પણ થોડા સમય બાદ જે તે જગ્યા પર દબાણ યથાવત થઈ જાય છે. શહેરના 'ઘ' અને 'ચ' રોડ પર આવેલ સર્કલોની આસપાસ મોટી સંખ્યામાં લારી ગલ્લાના દબાણો ઉભા કરી અડીંગો જમાવીને બેઠેલા તત્વો સામે આજે દબાણ શાખાએ લાલ આંખ કરતાં દબાણકારોમાં સન્નાટો ફેલાઈ ગયો હતો. અચાનક દબાણ વિભાગ ત્રાટકતાં વેપારીઓમાં લારી ગલ્લા લઈને નાસભાગ મચી ગઈ હતી. પોતાના લારી-ગલ્લા સલામત જગ્યાએ મૂકી આવ્યા હતા જયારે અન્ય વેપારીઓને દબાણની ગંધ આવતા જ ટપોટપ ગલ્લાઓ બંધ કરીને રફુચક્કર થઈ ગયા હતા. ઉલ્લેખનીય છે કે દબાણ શાખા દ્વારા અનેક વખત દબાણકર્તા તત્વો સામે કાયદેસરની કાર્યવાહી કરતાં હોવા છતાં આ તત્વો દ્વારા ફરી વાર દબાણ ઉભું કરવામાં આવે છે.

## શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ ૧૩મીથી આરંભાશે

ગાંધીનગર શહેરના સેક્ટર-૩-ડી નવરાત્રી ચોકમાં તા. ૧૩મી જૂનથી ૧૯મી જૂન દરમિયાન શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ યોજાશે. શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ સંત રાજેન્દ્રભાઈ શાસ્ત્રીજી વ્યાસપીઠે આરંભાશે. કથાની શરૂઆત ૧૩મી જૂને બપોરે ૧.૩૦થી ૬ વાગ્યા દરમિયાન થશે જે નિયત દિવસોમાં બપોરે ૨.૩૦ થી સાંજે ૬ વાગ્યા સુધી સેક્ટર-૩-ડી, નવરાત્રી ચોક, ગાંધીનગરમાં વકતા રાજેન્દ્રભાઈ શાસ્ત્રીની બીરાજી સંગીતમય શૈલીમાં યોજાશે. કથા વિરામ ૧૯મી જૂને સાંજે ૬ કલાકે થશે. કથાના મુખ્ય પોથી યજમાન સુમિત્રાબેન ભાવસાર, બીજી પોથી યજમાન રામેશ્વર મહિલા મંડળ તથા રૂક્ષ્મણિ વિવાહનો પ્રસંગ કલાબેન પંચાલ કરાવશે. આયોજક ઈશ્વરભાઈ ભગત જ્ઞાન યજ્ઞમાં સંતો, ભક્તોનો વાર્તાલાપ આપશે.

# શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં ગંભીર બનતી ગટરની સમસ્યા

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં છેલ્લા ઘણા સમયથી અવારનવાર ગટરો ઉભરાવા તેમજ ખુલ્લી ગટરોના લીધે શહેરમાં ગંદકી અને રોગચાળો ફેલાવવાની દહેશત ઉભી થવા પામી છે. તેમજ ખુલ્લી ગટરોના કારણે મોટો અકસ્માત સર્જાય તેવી સ્થિતિ ઉત્પન્ન થવા પામી છે. ચોમાસાની સિઝનનો પ્રારંભ થઈ ગયો છે. ખુલ્લી ગટરોના કારણે દુર્ગંધ અને ગંદકીને લીધે લોકો હેરાન પરેશાન થઈ ગયા છે. ગટરોના ઉદ્ભવતા અનેક પ્રશ્નો અંગે સ્થાનિક રહિશો દ્વારા રજૂઆત કરવામાં આવે છે. છતાં તંત્રના નિંદ્રાધિન અધિકારીઓની ઉંઘ ઉડતી નથી.

શહેરના ઘ-૪ થી સેક્ટર-૧૬માં કેટેગરી તરફ જવાના માર્ગ પર ડિવાઈડરને અડીને ખુલ્લી ગટર છે. વસાહતીઓ રોજ અહીંયાથી ચાલતા પસાર થાય છે. ઘણા સમયથી આ ખુલ્લી ગટર છે. અનેકવાર તંત્ર સમક્ષ રજૂઆત કરવા છતાં તંત્ર દ્વારા ગટરનું ઢાંકણું નાંખવામાં આવ્યું નથી. ચોમાસાની ઋતુનો પ્રારંભ થઈ ગયો છે ત્યારે ગટર ખુલ્લી છે. તે વિસ્તારમાં વરસાદ વરસતા પાણી ભરાતા બેટ સમાન બની જાય છે. સેક્ટરના બાળકો, વૃદ્ધો, યુવાનો આ પાણી ભરાયેલા વિસ્તારની મોજ માણે છે. રાત્રે ચાલતા આવતાં રહિશોને પણ અંધારામાં સાવચેતી રાખવી પડે છે. ગટરમાં જો કોઈ વ્યક્તિ પડે તો બહાર પણ ન નીકળી શકે તેટલી ઉંડી ગટર છે. કોઈ અનિચ્છનીય બનાવ બને તે પહેલા આ ગટરનું ઢાંકણ તંત્ર દ્વારા નાંખવામાં આવે તેવી સેક્ટરવાસીઓની માંગણી છે. ઉલ્લેખનીય છે કે વરસાદની સિઝનમાં સ્ટ્રીટલાઈટો પણ બંધ રહે છે. જેથી સેક્ટરવાસીઓ ડીવાઈડર પર ચાલતા હોય છે ત્યારે ડિવાઈડરને અડીને જ ખુલ્લી ગટર આવેલી હોવાથી અકસ્માતનો ભય રહેલો છે.

ઈન્દ્રોડા ગામના રામજી મંદિર વિસ્તારમાં ગટરોના ઢાંકણ ઘણા સમયથી નથી. અગાઉ પણ આ અહેવાલ આવવા છતાં પણ હજી સુધી કોઈ જ પ્રકારની કામગીરી થવા પામી નથી. તંત્રને ખુલ્લી ગટરો વિશે મહાનગરપાલિકા વિસ્તારમાં પણ વ્યાપક ફરીયાદો હોવાથી તંત્ર કદાચ ગામ તરફ અથવા મહાનગરપાલિકાના છેવાળાના વિસ્તારની અવહેલણા કરી રહ્યું છે. તંત્ર દ્વારા જો ખુલ્લી ગટરના કારણે કોઈ અકસ્માત સર્જાય અને જાનહાની થાય ત્યાર બાદ જ આની કાર્યવાહી થશે કે પછી તંત્ર આ મામલે ઘટતુ કરવાનો વિચાર ધરાવે છે. તે હજુ સુધી સમજાતુ નથી. આજ વિસ્તારમાં ઈન્દ્રોડા ગામની જુની પ્રાથમિક શાળા પણ આવેલી છે. બાળકોની સ્કૂલો પણ ચાલુ થઈ ગઈ છે. બાળકો આજ વિસ્તારમાંથી શાળામાં જતા હોવાથી ગ્રામજનોની ઉગ્ર માંગ છે કે આ ગટરોના ઢાંકણ સત્વરે નાખી આપે તો બાળકોના જીવ બચી શકે તેમ છે. અને ખુલ્લી ગટરના કારણે બાળકોના સ્વાસ્થ્ય પણ જોખમાઈ રહ્યું છે. ગ્રામજનો દ્વારા તંત્રને અવાર નવાર રજુઆત કરવા છતાં પણ આ મામલે કોઈપણ થતુ નથી.

## હરસ-મસા અને ભગંદરનો ફ્રી મેડીકલ કેમ્પ યોજાયો

સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ સેવા ગાંધીનગર દ્વારા હરસ-મસા-ભંગદર અને દાંતના રોગોનો ફ્રી મેડીકલ કેમ્પ તાજેતરમાં યોજાયો હતો. હસ, મસા, ભગંદર અને દાંતના દર્દીઓ માટેના નિઃશુલ્ક સારવાર કેમ્પમાં ૨૮૯ દર્દીઓએ ભાગ લીધો હતો. દર્દીઓમાં મસાના ૨૭ દર્દીઓને ઓપરેશન કરાવી આપવામાં આવશે. ૪ દાંતના દર્દીઓને ચોકઠા બનાવી આપવામાં આવશે. અન્યને દાઢમાં સિમેન્ટ ભરાવી દાંત સાફ કરવાની મફત સેવા આપવામાં આવશે. ડાયાબિટીસના-થાઈરોડના ૧૦૪ જેટલા દર્દીઓની તપાસ કરવામાં આવી હતી. કેમ્પને સફળ બનાવવા ડૉ. એકતાબેન પટેલ, ડૉ. કૃણાલભાઈ પંડયાએ ખૂબ સારી સેવા આપી હતી. ટ્રસ્ટના લક્ષ્મણ કંસારા, અશોક પરમાર, નિલેન્દુ વોરા વગેરેએ વ્યવસ્થામાં સારી મદદ કરી હતી તેમ કૌશિક ભટ્ટે જણાવ્યું છે.

# ક્રાઈમ બ્રાન્ચની ટીમે વગર વાંકે યુવાનને કપડા કાઢીને ધોયો...!

## પિસ્તોલ વેચવાનો ધંધો કરે છે કહીને કલોલથી ઉપાડી ગયા બાદ ઓફીસમાં લઈ જઈ ઢોર માર માર્યો અને ત્રણ કલાકે ગાડીમાં પાછો ઘરે મુકી ગયાની ડી.જી.ને ફરીયાદ

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગરના કલોલ વિસ્તારમાં રહેતો અને અરવિંદ મીલમાં નોકરી કરતો યુવાન ગઈકાલે સવારે બાઈક લઈને મીલમાં જઈ રહ્યો હતો ત્યારે ક્રાઈમ બ્રાન્ચના માણસો તેને ઉપાડી ગયા હતા. અને તુ પિસ્તોલનો ધંધો કરે છે કહીને ઓફીસમાં લઈ જઈ ત્રણ કલાક સુધી નગ્ન કરીને ઢોર માર માર્યા બાદ ઘરે કલોલ મુકવા આવ્યા હતા. પોતે આવા કોઈ ધંધા વિશે જાણતો પણ ન હોવાનું કહીને યુવાને પોતાના પર વગર વાંકે થયેલી મારઝુડ વિશે આઈ.જી.પી. અને ડી.જી.પી.ને ક્રાઈમ બ્રાન્ચના માણસો સામે ફરીયાદ કરી છે.

કલોલ રેલવે પુર્વ વિસ્તારની રામજી માસ્તરની ચાલીમાં રહેતો ૨૬ યુવાન મનીષ મણીલાલ પટેલ અરવિંદ મીલમાં નોકરી કરે છે. ગઈકાલે સવારે તે પોતાનું બાઈક લઈને મીલમાં જવા માટે નીકળ્યો ત્યારે બે નંબર વગરની ગાડીઓ સાંતેજ પાસે ઉભી હતી. બે-ત્રણ જણાં ગાડીમાંથી ઉતર્યા અને મનીષને ઉભો રાખીને ધોલધપાટ શરૂ કરી દઈ ગાડીમાં બેસાડી દીધો હતો અને કહેવા લાગ્યા હતા કે તુ પિસ્તોલ વેચવાનો ધંધો કરે છે. તને કયાં ભૈયાજી પિસ્તોલ મોકલાવે છે તેનું નામ આપ. તેમ કહીને ગાયકવાડ હવેલી, અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચની કચેરીએ લઈ ગયા હતા અને અહીંથી ત્રણ કલાક સુધી કપડા ઉતારીને બેરહેમીપુર્વક માર માર્યો હતો. અંતે તેના પાસેથી કોઈ જ વિગતો ન ખુલતા ઘાયલ હાલતમાં એક લાલ ગાડીમાં ઘરે મુકવા ગયા હતા. ઘરે માતા અને બહેન હતા તેમની સાથે પણ બિભત્સ વર્તન કરી માણસોએ જતી વખતે ધમકી આપી હતી કે આ અંગે ફરીયાદ કરી તો થર્ડ ડીગ્રીનો ઉપયોગ કરીશુ. કોઈ ગોહિલસિંગ અને બીજા સ્ટાફના માણસોએ આ કૃત્ય કર્યુ હોવાનું ફરીયાદ આઈ.જી. અને જી.જી.પી. સમક્ષ કરતા તે દિશામાં તપાસ શરૂ થઈ છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૫.૫૮

સૂર્યાસ્ત : ૭.૦૮

## તાપમાન

મહત્તમ : ૩૪.૫ ડિ.સે.

લઘુત્તમ : ૨૬.૫ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૬૧ ટકા ● સાંજે ૩૦ ટકા

વરસાદ ૨.૫ મી.મી.

## મનોરંજન

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :

યે જવાની હૈ દિવાની : ૮.૫૦, ૩.૨૦, ૬.૩૫, ૯.૫૦

યમલા પગલા દિવાના ૨ : ૧૨.૫

: સ્ક્રીન-૨ :

યમલા પગલા દિવાના ૨ : ૮.૫૦, ૩.૦૫, ૯.૩૫

યે જવાની હૈ દિવાની : ૧૧.૫૦

આફટર અર્થ (હિન્દી) : ૬.૨૦

: સ્ક્રીન-૩ :

આફટર અર્થ(હિન્દી) : ૧૦.૨૦, ૩.૦૫

ફસ્ટ એન્ડ ફુરીઓસ -૬ (હિન્દી) : ૧૨.૩૫

યમલા પગલા દિવાના ૨ : ૫.૨૦

યે જવાની હૈ દિવાની : ૮.૩૫

: સ્ક્રીન-૪ :

યમલા પગલા દિવાના ૨ : ૯.૩૫, ૧૨.૫૦, ૭.૨૦

યે જવાની હૈ દિવાની : ૪.૦૫

આફટર અર્થ(હિન્દી) : ૧૦.૩૫

### સૂર્યા, વાવોલ

યમલા પગલા દિવાના ૨ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫

રામદાસ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :

યમલા પગલા દિવાના ૨ : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :

યે જવાની હૈ દિવાની : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

: સ્ક્રીન-૩ :

યમલા પગલા દિવાના ૨ : ૧૦.૦૦, ૪.૦૦, ૧૦.૦૦

યે જવાની દીવાની : ૧.૦૦, ૭.૦૦

### ચિરાગ, કલોલ

યમલા પગલા દિવાના ૨ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

## આપની આજ

**મેષ** : પારિવારિક જીવન સંતોષપ્રદ રહેશે. દિનચર્યા ખૂબ વ્યસ્ત અને વ્યવસ્થિત રહી શકશે. નોકરીમાં સ્થિતિ સુધરશે. દરેક ક્ષેત્રમાં સન્માન પ્રાપ્ત થશે. વાહન ચલાવતી વખતે સાવચેતી રાખો. કુટુંબમાં સુખ-શાંતિ રહેશે.

**વૃષભ** : તમારા કાર્યની વૃત્તિ વ્યવહારિક હોવાની સાથે સાથે માનસિક શ્રમ-પ્રધાન હોવી જોઈએ. ઉત્સાહ અને પ્રયાસ તમને સફળતા પ્રદાન કરી શકશે. જમીનના વ્યવસાય સાથે સંકળાયેલા માટે આજનો દિવસ શુભ બની રહેશે. જૂના કાર્યોનું પરિણામ મળશે.

**મિથુન** : વ્યવસાયિક યોજનાઓનો અમલ થશે. પારિવારિક વાતાવરણ સહયોગાત્મક રહેશે. કાર્યક્ષમતા વધશે. જવાબદારીઓ વધશે, જેની પૂર્તિ કરવી પડશે. વરિષ્ઠ ગુરુઓની કૃપા પ્રાપ્ત થશે. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે. દિવસ આનંદમય રીતે પસાર થશે.

**કર્ક** : ધૈર્યને કારણે તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થઈ જશે. આપને કર્મક્ષેત્રમાં ગહન શોધ વગેરેના કાર્યો થવાની શકયતાઓ છે. આર્થિક ક્ષેત્રમાં લંબિત પ્રકરણોમાં સમય પસાર થઈ શકે છે. કુટુંબમાં ધાર્મિક તેમજ મંગળ કાર્યો યોજાશે.

**સિંહ** : યશ, ઉત્સાહ વધશે. પ્રયાસ સાર્થક થશે. ધાર્મિક કાર્યોમાં રૂચી વધશે. શુભ સમાચાર પ્રાપ્ત થશે. સંતાનના વ્યવહારથી સમાજમાં તમારી પ્રતિષ્ઠામાં કમી આવી શકે છે.

**કન્યા** : સમ્માનમાં કમીના અવસરનો સંદેશ. કાર્યની ગતિને પ્રભાવિત કરશે. વ્યાપારમાં હાનિ થવાની સંભાવના છે. કુટુંબમાં વડીલો સાથે વિવાદમાં ન પડવું . ઉચ્ચસ્તરીય ધાર્મિક કાર્યોનું આયોજન થઈ શકશે. પવિત્ર ધાર્મિક સ્થળોની યાત્રા-પ્રવાસનું આયોજન થશે.

**તુલા** : વ્યાપારમાં લાભની સ્થિતિ બનશે. સ્ત્રી પક્ષથી કાર્યોમાં સહયો પ્રાપ્ત થશે. શુભ સમાચાર મળવાથી મન પ્રફુલ્લિત થશે. સામાજિક ક્ષેત્રોમાં, જ્ઞાન વર્ધક કાર્યોમાં ઉપસ્થિત રહેવું પડે તેવી પરીસ્થિતિ ઉભી થઈ શકે છે.

**વૃશ્ચિક** : સહયોગી અને ભાઈઓના વ્યાપારમાં વૃદ્ધિ થશે. ખાસ મહત્વનાં આર્થિક કાર્યોમાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થવાની સંભાવાનાઓ બની રહી છે. નાણાંકીય કાર્યોમાં વિશેષ યાત્રા-પ્રવાસનો યોગ બની રહ્યો છે.

**ધન** : માનસિક અસંતોષને કારણે નવી યોજનાઓમાં વિલંબ થઈ શકે છે. કર્મક્ષેત્રમાં કોઈ શોધ દ્વારા સન્માન વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. કર્મક્ષેત્રમાં ઉચ્ચસ્તરીય કાર્યોમાં સફળતા પ્રાપ્ત કરી શકશો.

**મકર** : કોઈ વિશિષ્ટજનની સલાહ તમારી સ્થિતિમાં લાભકારી પરિવર્તન કરશે. શિક્ષા, જ્ઞાન, આધ્યાત્મના કાર્યોમાં મન લાગશે. ધર્મ, માંગલિક કાર્યોમાં સંબંધીમાં ચિંતન થઈ શકશે.

**કુંભ** : આમોદ- પ્રમોદના અવસર મળશે. શૈક્ષણિક ક્ષેત્રમાં આવનારી સમસ્યાઓને સંયમપૂર્વક ઉકેલવી યોગ્ય રહેશે. રાજકીય તથા સામાજિક ક્ષેત્રમાં પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થવાનો યોગ બની રહ્યો છે.

**મીન** : ઉદાર મનથી પરાક્રમ કરો, સંબંધીઓને કારણે તમારી કીર્તિ વધશે. જ્ઞાન, ગહન શોધ તેમજ આધ્યાત્મનાં અગત્યનાં કાર્યોમાં સફળતા પૂર્વક પાર પડી શકશે. કર્મકાંડ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે. કૌટુંબિક પ્રશ્નોનું નિરાકરણ આવી શકે છે.

## ચિરવિદાય

- સ્વ. રેવાબેન રાણાભાઈ બારૈયા (ઉ.વ. ૭૫) બ્લોક નં. ૧૨૭/૭, સેકટર-૧૨, ગાંધીનગર.
- સ્વ. દિલીપભાઈ જવાનભાઈ દંતાણી (ઉ.વ. ૩૫) મુ.પો. જમીયતપુરા, તા., જિ. ગાંધીનગર.